ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૪ ટકા ● સાંજે ૬૩ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરની શાળાઓ ફરીથી ધમધમી : ઓછી હાજરી

## આજથી ધો-૧૦ અને ૧૨નું ઓફલાઈન શિક્ષણ શરૂ : શાળામાં હાજર થતા બાળકોને આવકાર




ગાંધીનગર, તા.૧૧

કોરોના કાળના દસ દસ મહિના વિતી ગયા પછી આજે શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયો છે. સરકાર દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓને શાળાએ આવવાની મંજૂરી આપવામાં આવી હતી અને સોમવાર તા. ૧૧ જાન્યુઆરીથી શહેરની તમામ શાળામાં ધો-૧૦ અને ધો-૧૨માં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. શહેરની અનેક શાળામાં વિદ્યાર્થીઓ આવ્યા હતા તો અમુક શાળામાં વિદ્યાર્થીઓનો નબળો પ્રતિસાદ રહ્યો હતો. શહેરની તમામ શાળા દ્વારા બાળકોનું સ્વાગત શુભેચ્છા સાથે કરવામાં આવ્યું હતું.

શહેરની ઘ-૦ સ્થિત ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં ઓફલાઈન શિક્ષણ સંદર્ભે સરકારની ગાઈડલાઈન મુજબ શાળા કાર્ય થયું હતું. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઓફલાઈન શાળા શરૂ થવાનો આનંદ વ્યકત કર્યો હતો. શાળાના સંચાલક ડૉ. પ્રદિપ ગગલાણી દ્વારા વિદ્યાર્થી, વાલીઓ અને શિક્ષકોને યોગ્ય ન્યાય મળી રહે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી. શાળાના પ્રથમ દિવસે સંમતિ દર્શાવેલ આશરે શાળાના ૩૯ ટકા વિદ્યાર્થીઓએ ઓફલાઈન શિક્ષણનો લાભ લીધો હતો.

શહેરના એસ.એસ.વી. કેમ્પસના ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓનું શાળામાં બેન્ડવાજા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મા સરસ્વતીની પ્રાર્થના દ્વારા આ શુભ દિવસની શરૂઆત કરી વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી ઉપરાંત શાળા દ્વારા વિદ્યાર્થીઓને કલમ આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. શાળામાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા સરકારની તમામ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. આચાર્યા દ્વારા વિદ્યાર્થીઓને પણ કોરોના ગાઈડલાઈનના પાલન અંગે સમજૂતી અને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત શહેરની ૫એ સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે ધો-૧૦ અને ધો-૧૨ના કુલ ૧૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સે-૭ ખાતે ધો-૧૦ અને ધો-૧૨ના કુલ ૨૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સિવાય શહેરની સેંટ ઝેવિયર્સ, ગુરુકુળ, સરકારી શાળાઓ એમ બધે જ વિદ્યાર્થીઓએ લાંબા સમય બાદ શાળાએ આવવાનું પસંદ કર્યું હતું અને શાળામાં બેસીને અભ્યાસ કરીને આનંદ મેળવ્યો હતો. આમ, શહેરની અનેક શાળાઓમાં બાળકોની પાંખી હાજરી જણાઈ હતી અને હાજરી આપનાર તમામ બાળકોનું શાળા દ્વારા શુભેચ્છા અર્પી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સેવાકાર્યોની ત્રિવેણી સર્જાઈ



ગાંધીનગર, તા.૧૧

કોરોના – કાળ એ માનવી માનવી વચ્ચેનું અંતર વધારી દેનારો બન્યો છે. જે જ્યાં હતા ત્યાં એકલા હતા. જરૂરિયાતમંદ, અશક્તોના આ લાંબા કારાવાસ સમા એકાંતવાસને ભાંગવા લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા અભિયાન હાથ ધરાયું.

છેલ્લા એક અઠવાડિયામાં ક્લબ દ્વારા રાહેલબા મગોડી, કૈલાસધામ પેથાપુર અને જીવનધારા વૃધ્ધાશ્રમ લાંભાની મુલાકાત લેવામાં આવી. ત્યાં વસતા માનસિક-શારીરિક રીતે અશક્ત વડીલો સાથે આનંદની પળો વીતાવી તેઓ ને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત લાંભા ખાતેની પ્રજ્ઞાચક્ષુ વસાહતના પરિવારોને અનાજની કીટ, વસ્ત્રોની ભેટ આપી તેઓ ને મદદરૂપ થવા સંસ્થા દ્વારા નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તથા હાજીપુરા ખાતે આવેલ વૃંદાવન ગીર ગૌશાળાની મુલાકાત લઈ ક્લબ દ્વારા ઘાસચારા માટે રોકડ અનુદાન આપવામાં આવ્યું હતું. હિંદુ સંસ્કૃતિમાં પૂજનીય ગૌમાતાની સુરક્ષા અને સંવર્ધન માટે ગૌપાલકોને પણ બિરદાવવામાં આવ્યા હતા. ત્રિવેણી સંગમ સમાન આ સેવા કાર્યમાં વીસ જેટલા મેમ્બર્સ બસ દ્વારા મુસાફરી કરી સમગ્ર દિવસ આ ઉમદા કાર્ય માટે ફાળવવામાં આવ્યો હતો. આ કાર્ય માટે પ્રમુખ મમતા રાવલ દ્વારા સર્વે સભ્યશ્રી તેમજ કાર્ય માટે મદદરૂપ થનાર તમામનો તથા દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભાટ પાસે અકસ્માતમાં ફુગ્ગા વેચતી મહિલાનું મોત

ગાંધીનગર, તા.૧૧

એપોલો સર્કલથી ભાટ ટોલટેક્ષ જતા રોડ પર વાહનની ટક્કરે મહિલાનું મોત થયું હતું. ફુગ્ગા વેચવા માટે રોડ ક્રોસ કરી રહેલાં મહિલાને અજાણ્યો વાહન ચાલક ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો, જેમાં ગંભીર રીતે ઘાયલ મહિલાનું સારવાર દરમિયાન મોત થયું હતું. અમરસિંગ રાજારામ ઠાકોરે (૫૫ વર્ષ, રહે-એપોલો સર્કલ પાસે છાપરામાં, મૂળ-માધવગંજ, ઉત્તરપ્રદેશ) ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. શનિવારે સાંજે સવા સાત વાગ્યે તેઓ ઘરે હતા ત્યારે પત્ની સવિતાબેન અને બાળકો ઘર આગળ આવેલ રીંગ રોડ પર ફુગ્ગાનું વેચાણ કરતાં હતા. આ સમયે એકાએક બુમાબુમ થતાં અમરસિંગ રોડ પર ગયા ત્યારે પત્ની રસ્તા પર પડ્યા હતા અને માથાના ભાગે ઈજા થયેલ હતી. આ સમયે જાણવા મળ્યું કે સવિતાબેન ફુગ્ગા વેચવા માટે રોડ ક્રોસ કરતા હતા તે સમયે એક ફોર વ્હીલ ચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે મહિલાને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું, અકસ્માતમને પગલે ઈન્ફોસિટી પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.




## પ્રકૃતિ રક્ષા અભિયાનનો વધુ એક સંવેદનશીલ પ્રયાસ..!!

એક સમયે "ગ્રીન સિટી"નું બિરૂદ ધરાવતા ગાંધીનગરમાં જાણે હવે વૃક્ષોને કાપવાની ફેશન આવી છે, શહેરના સેક્ટર-૨૨માં આંતરિક માર્ગને પહોળો કરવાના બહાના તળે આશરે ૩૦૦ જેટલા વૃક્ષોનું છેદન કરવાનુ નિયત કરવામાં આવ્યું હોવા સામે શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકો દ્વારા "પ્રકૃતિ રક્ષા અભિયાન"ના નેજા હેઠળ વિનમ્ર આંદોલન છેડવામાં આવ્યુ છે જેને શહેરના નાગરિકો ઉપરાંત શોશ્યલ મિડીયા પર પણ અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ રવિવારે પ્રકૃતિ રક્ષા અભિયાનના સ્વયંસેવકોએ સેક્ટર-૨૨ના રહીશો જેઓ પોતે પણ આ વૃક્ષ છેદનથી વ્યથિત છે અને તેમના આંગણે વિકસેલા વૃક્ષને કપાતુ જોવા તૈયાર નથી ત્યાં બોર્ડ લગાડ્યા હતા જેમાં લખ્યુ છે કે "આ વૃક્ષ અમારા ઘરનુ સભ્ય છે" તેમજ "જેણે જાણી માની મમતા, એજ જાણે કપાયેલ વૃક્ષના યાતના"

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા સ્ત્રીઓને માસિક સંબંધિત સમસ્યા સંદર્ભે વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૧

જ્યોતિ મહિલા મંડળ દ્વારા માસિક સંબંધી રોગોના નિદાન અને ઉપચાર વિષયક વેબિનાર યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના અરૂણભાઈ બુચની અધ્યક્ષતામાં યોજાયેલ આ વેબિનારમાં આયુર્વેદ સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. વૈશાલી વસાવડા દ્વારા બહેનોને માસિક સંબંધિત વિષય બાબતે માહિતગાર કરવામાં આયા હતા. ડૉ. વૈશાલી દ્વારા આ વેબિનારમાં ઉપસ્થિત બહેનોને ખાસ માસિક આવવા દરમ્યાન શુ-શુ કાળજી રાખવી, બાલિકા અવસ્થાથી લઈ મેનેપોઝ આવ્યા સુધીમાં થતા માસિકના રોગો હેતુ નિદાન અને ચિકિત્સા ઉપરાંત માસિકના રોગો ન થાય તે માટેનું પ્રિવેન્શન અને ઘરગથ્થુ ઉપચાર વિશે માહિતી આપવામાં આવી હતી. સંસ્થા ઉપરાંત શહેરની બેહેનોએ મોટી સંખ્યામાં આ વેબિનારમાં ભાગ લીધો હતો.

## બાપુ કોલેજ પાસે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતમાં એસઆરપી જવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-માણસા માર્ગ પર રાંધેજા ચોકડીથી બાપુ કોલેજ પાસે ટ્રકની અડફેટે બાઈક ચાલક એસઆરપી જવાનનું મૃત્યુ નિપજયુ હતું. અકસ્માતમાં જવાન માર્ગ પર પટકાતા મોઢાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ૧૦૮ દ્વારા જવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં ફરજ પરના ડોકટરે તપાસીને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે મૃતકના મોટાભાઈ વિજય ચૌધરીની ફરીયાદ લઈ ટ્રક ચાલક સામે ગુનો નોંધી ફરાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના રામપુરા લાછડી ગામે રહેતા વિશાલ ઈશ્વરભાઈ ચૌધરી (ઉં.૨૫) ગાંધીનગર એસઆરપી ગ્રુપ-૧૨ માં ફરજ બજાવતો હતો. કોઈક દિવસે ગાંધીનગર થી વતન ફરજ બાદ યુવક જતો હતો. ત્યારે બપોરના સુમારે જવાન તેનુ બાઈક લઈને નીકળ્યો હતો. તે સમયે વાસણીયા મહાદેવ નજીક બાપુ કોલેજ પાસે ટ્રક ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારી હતી. જેથી જવાન માર્ગ પર નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. જયારે અકસ્માત સર્જીને ટ્રક નં. આર.જે.૨૧.જી.એ.-૨૨૫૩ નો ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. જયારે અકસ્માતને પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા અને તાત્કાલીક ૧૦૮ બોલાવી ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા.જયા ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા હતા. મૃતક જવાનના પરિવારમાં માતા-પિતા અને એક મોટાભાઈ વિજય ચૌધરી છે. જે વિસનગર પાસે આવેલા ઉમતા ગામમાં તલાટી તરીકે ફરજ બજાવે છે. શહેરમાં રહેતા કૌંટુબિક કાકાએ વિજયને અકસ્માતની જાણ કરી હતી. જેથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પરિવારજનો દોડી આવ્યા હતા. પેથાપુર પોલીસે મૃતકના ભાઈની ફરીયાદ લઈ ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતેથી NAC સર્ટીફીકેટ મેળવવા બાબત

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર દ્વારા **NAC** સર્ટીફીકેટ આપવામાં આવનાર છે. સંસ્થાના આચાર્ય દ્વારા જણાવાયું છે કે, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના રોજગાર અને તાલીમ ખાતા હેઠળના વિવિધ એકમો ખાતે એપ્રેન્ટીસ અધિનયિમ ૧૯૬૧ હેઠળ એપ્રેન્ટીસ કરતા એપ્રેન્ટીસને પરીક્ષા બાદ નેશનલ અપીઅરન્સ સર્ટીફીકેટ (**NAC**) આપવામાં આવે છે. માટે જેણે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે મે ૧૯૯૫થી મે-૨૦૧૮ દરમિયાન પરીક્ષા પાસ કરી હોય તે તમામને એપ્રેન્ટીસોએ સંસ્થાની એપ્રેન્ટીસ શાખામાંથી બપોરે ૧ થી ૩ વાગ્યા દરમિયાન મેળવી લેવું. આવનાર એપ્રેન્ટીસ ઉમેદવારે અપ્રેન્ટીસ પરીક્ષા પાસ કર્યા અંગેની અસલ માર્કશીટ તથા આઈડી પ્રુફ લાવવા સાથે સરકાર દ્વારા નિયત કરાયેલી ૫૦ રૂપિયા ફી ભરવાની પણ રહેશે.



સુંદરધામ ખાતે 'રામકથા'નો પ્રારંભ થયો છે. શ્રી ભારતીબાપુએ સંગીતમય કથાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. નવ દિવસીય કથામાં રામ જન્મોત્સવ, સીતા-રામ વિવાહ, આનંદનો ગરબો, સુંદરકાંડ પાઠ અને ભજન મંડળો દ્વારા ભજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## આયુર્વેદિક દવાઓ પણ ડૉકટરના પ્રિસ્ક્રિપ્શન વગર લેવી ના જોઈએ

આજકાલ જમાનો લોભામણી જાહેરાતો કરીને વ્યવસાય વધારવાનો અભિગમ ધરાવે છે. જેમાં ઘણીવાર જાહેરાતકારો ભ્રામક માહિતી દ્વારા નાગરિકોને ગેરમાર્ગે પણ દોરતાં હોય છે. તબીબી ક્ષેત્રે આયુર્વેદિક, હોમિયોપેથિક, સિધ્ધ અને યુનાની દવાની પ્રતિકુળ પ્રતિક્રિયા અને પ્રતિકૂળ ઘટના, ભ્રામક જાહેરાતો વગેરેના આધારે દર્દીઓને ગુમરાહ કરવાની પેરવી અંગે જાગૃતિ આણવા ફાર્મકો વિજિલન્સના પાસાંઓ અંગે જાણકારી હોવી જરૂરી છે. આ સંદર્ભે જામનગરની ઈન્ટરમિડીઅરી ફાર્માકોવિજિલન્સ સેન્ટર ફોર આયુર્વેદ અને સ્વર્ણિમ હેલ્થ સાયન્સ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે 'એએસયુ અને એચ ડ્રગ્સ' પર ફાર્માકોવિજિલન્સ અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.

વર્કશોપમાં અરિહંત આયુર્વદિક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દત્તાત્રય સરવદે, પ્રો. હિરેન કડીકર અને જામનગરની ઈન્ટર મીડીઅરી ફાર્માકોવિજલન્સ સેન્ટર ફોર આયુર્વેદના પ્રો. શબીનારાયણ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપમાં દવાની પ્રતિકૂળ પ્રતિક્રિયાઓ, ઈવેન્ટ, ગેરમાર્ગ દોરતી જાહેરાતો, માનવ સ્વાસ્થ્યમાં તેની ખોટી અસરો વગેરે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રો. કડીકરે આયુર્વેદક દવાઓ પણ ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વિના લેવી ના જોઈએ તેવો મત વ્યકત કર્યો હતો. વર્કશોપમાં ૨૯૦થી વધુ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ તથા મેડીકલ ઓફિસર્સ હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. રાઠોડ શકરીબેન બબાભાઈ, ઉ.વ. ૬૮, આલમપુર, તા. ગાંધીનગર
- સ્વ. શકિતકુમાર અમૃતલાલ નાયક, ઉ.વ. ૩૮, ગ્રામભારતી, તા. માણસા
- સ્વ. જયશ્રીબેન ચંદુભાઈ ઠાકર, ઉ.વ. ૬, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ઉદાજી ગોપાલજી, ઉ.વ. ૬૨, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. ગલાભાઈ દેવકરણભાઈ દેસાઈ, ઉ.વ. ૫૧, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. ડાભી જીલુજી ગલાબજી, ઉ.વ. ૬૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. શકુંતલાબેન શરદચંદ્ર હર્ષે, ઉ.વ. ૯૧, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન શામળદાસ મહેતા, ઉ.વ. ૮૭, સેકટર-૨૯, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. યશવંતગીરી પ્રવીણગીરી ગોસ્વામી, ઉ.વ. ૫૬, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. રતુજી વરવાજી વાઘેલા, ઉ.વ. ૭૮, સે-૪, ગાંધીનગર
- સ્વ. માધાણી જયંતિલાલ મણીલાલ, ઉ.વ. ૮૩, ખોરજ, તા. ગાંધીનગર